# Standard Operating System

# (SOP)

## જી.પી.એસ.સી. વર્ગ-૧ / ૨ સ્પર્ધાત્મક પરીક્ષા કોચિંગ

અનુસૂચિત જનજાતિના સ્નાતકની તથા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા તથા ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર (ડી-સેગ) દ્વારા એમ્પેનલ કરવામાં આવેલ એજન્સી દ્વારા કાર્યરત સેન્ટરમાં કોચિંગ મેળવતા વિદ્યાર્થીઓ માટે કોચિંગ સહાય તરીકે (ડાયરેક્ટ બેનીફીશિયરી ટ્રાન્સફર) ડી.બી.ટી. યોજના મારફત વિદ્યાર્થી દીઠ એક વખત રૂ.૨૦,૦૦૦/- અથવા વાસ્તવિક કોચિંગ ફી પૈકી જે ઓછુ હોય તેટલો સીધો લાભ મેળવી શકશે.

આ કોચિંગ યોજના હેઠળ આદિજાતિના જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારમાં કોચિંગ સેન્ટર શરૂ કરી વિષયના નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા કોચીંગ, ઓડીયો/વિઝ્યુયલ સીસ્ટમ દ્વારા વિવિધ વિષયની વિસ્તારપૂર્વક સમજ, કોચિંગ. મટીરીયલ્સ, રેગ્યુલર માસિક પરીક્ષા તેમજ મોક ટેસ્ટનું આયોજન દ્વારા કોચિંગ પૂરું પાડવામાં આવશે.

**કોચિંગનો સમયગાળો:**

- કોચિંગનો સમયગાળો ઓછામાં ઓછો ચાર થી છ માસનો રાખવાનો રહેશે તથા અઠવાડિયામાં પાચ (૫) દિવસ પ્રતિદિન બે થી ત્રણ ક્લાક.
- કોચિંગ દરમિયાન વિદ્યાર્થીએ ૮૦% બાયોમેટ્રીક હાજરી રજુ કરવાની રહેશે, પરતું કુદરતી આપત્તિ કે મહામારી જેવી અસાધારણ પરિસ્થિતીઓમાં શિક્ષણ વિભાગની વખતો વખતની સૂચનાઓ મુજબ ઓનલાઈન શિક્ષણ માન્ય ગણવામાં આવશે.

**વિદ્યાર્થી પસંદગી અંગેના માપદંડ**

1. **લાયકાતના ધોરણો:**

- આદિજાતિના વિદ્યાર્થી જે-તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે નિયત થયેલ ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ.

- આદિજાતિ વિદ્યાર્થી જે જિલ્લામાં કોચિંગ મેળવવા માંગતો હશે તે જિલ્લાના લક્ષ્યાંક અન્વયે સ્નાતક  કક્ષાના મેરીટના ધોરણે વિદ્યાથીની પસંદગી કરવામાં આવશે.
- અરજદારશ્રીએ જી.પી.એસ.સી વર્ગ-૧, વર્ગ-૨ ની સ્પર્ધાત્મક પરીક્ષા અને સ્પીપા પ્રાવેશિક પરીક્ષા માટે ઓનલાઇન અરજી કરેલ હોવી જોઇએ.
- આદિજાતિ અરજદાર વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હશે તો ડી-સેગ કચેરીના આયોજન અંતર્ગત ઉપલબ્ધ ગ્રાન્ટની મર્યાદાના આધારે અનુસુચિત આદિજાતિ વિસ્તાર અને છુટાછવાયા વિસ્તાર માટે વિદ્યાર્થીના લક્ષ્યાંક પ્રવર્તમાન વસ્તી ગણતરીના આધારે ફાળવવામાં આવશે. જે પૈકી સ્નાતકની ટકાવારી અથવા જે તે સ્પર્ધાત્મક પરીક્ષા માટેની નિયત લાયકાતના મેરીટના ધોરણે વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવશે.

2. <u>આવક મર્યાદા:</u>

- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂ.૫.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈશે.

**<u>સહાય મેળવવા માટેના ધોરણો:</u>**

- વિદ્યાર્થીએ ડી-સેગ દ્વારા એમ્પેનલ થયેલ એજન્સીમાં કોચિંગ મેળવેલ પ્રવેશના આધારો રજૂ કરવાના રહેશે.
- વિદ્યાર્થીએ ભરેલ ફીની પહોચ.
- વિદ્યાર્થીની ૮૦% બાયોમેટ્રીકસ હાજરીનું પ્રમાણપત્ર.
- વિદ્યાર્થીએ આદિજાતિ હોવાનું જાતિનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવકનું વેલીડ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**<u>અરજદારએ ઓનલાઈન અરજી દરમિયાન અપલોડ કરવાના આધારની વિગત</u>**

- વિદ્યાર્થીનો ફોટો અપલોડ કરો
- આધારકાર્ડની પી.ડી.એફ અપલોડ કરો
- દિવ્યાંગના પ્રમાણપત્રની પી.ડી.એફ અપલોડ કરો
- બેંક પાસબુકની પી.ડી.એફ. અપલોડ કરો
- માર્કશીટની પી.ડી.એફ અપલોડ કરો
    - સ્નાતક
    - અનુસ્નાતક
- આવકના દાખલાની પી.ડી.એફ અપલોડ કરો
- જાતિના પ્રમાણપત્રની પી.ડી.એફ અપલોડ કરો

**<u>કોચિંગ યોજનાનો લાભ લેવા અરજી કરવા અંગેની વિગતો</u>**

- વિદ્યાર્થીએ પ્રવેશ માટે ડેવલોપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ) ના ઓનલાઈન પોર્ટલ **dsagsahay.gujarat.gov.in** ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબની સંપૂર્ણ વિગત ઓનલાઈન ભરવાની રહેશે અને ઓનલાઈન પોર્ટલ ઉપર તમામ સાધનિક કાગળો / પ્રમાણપત્રો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે.
- “સબમિટ” કર્યેથી અરજદારના મોબાઈલ ઉપર એસ.એમ.એસ (SMS) દ્વારા રજીસ્ટ્રેશન નંબર જનરેટ થયેથી અરજી સબમિટ થયેલ છે તેમ માલુમ પડશે.
- ૧૪ આદિજાતિ જિલ્લાઓના પ્રાયોજના કચેરી દ્વારા તથા આદિજાતિ જીલ્લાઓ સિવાયના જિલ્લાઓની અરજીઓ વડી કચેરી દ્વારા મંજુર / નામંજુર કરવામાં આવશે.